ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ). પાના નં- ૦૧. તા. ૧૬-૦૯-૨૦૨૪

## પીએમની મુલાકાતને પગલે પાટનગરમાં અભેદ સુરક્ષા બંદોબસ્ત

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું બે દિવસ ગાંધીનગરમાં રોકાણથી તંત્ર એલર્ટ

ગાંધીનગર,રવિવાર

ભારતના વડાપ્રધાન પોતાના જન્મદિવસની પૂર્વ બે સંધ્યા ગાંધીનગરમાં વિતાવવાના છે ત્યારે ઘણા દિવસોથી ચાલી રહેલી તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. રવિવાર અને સોમવાર બે રાત્રી પાટનગરના રાજભવન ખાતે નરેન્દ્ર મોદી મહેમાન બનવાના છે જેના પગલે જિલ્લા વહિવટી તંત્ર જ નહીં પરંતુ સમગ્ર રાજ્યનું તંત્ર પણ એલર્ટ મોડ ઉપર આવી ગયું છે. એરપોર્ટથી લઈને રાજભવન, મહાત્મા મંદિર, મેટ્રો સ્ટેશન-રૂટ તથા જીએમડીસી ગ્રાઉન્ડના રૂટ ઉપર પણ અગાઉથી જ પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે.

## મહાત્મા મંદિર એનર્જી એક્સ્પોમાં હાજરી આપશે, બપોરે મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવશે : રૂટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો

દેશના પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી પોતાના જન્મદિવસ તા.૧૭મીની પૂર્વ બે સંધ્યા ગાંધીનગરમાં ગાળવાના છે ત્યારે વડાપ્રધાનના આગમનને પગલે વહિવટી તંત્ર દ્વારા ખાસ તૈયારીઓ અને સુરક્ષા-સલામતીની વ્યવસ્થાઓ કરી છે.

છેલ્લા ઘણા દિવસોથી અધિકારીઓ બેઠકોમાં વ્યસ્ત હતા ત્યારે આજે હવાઈમાર્ગે અમદાવાદ પહોંચ્યા બાદ ત્યાંથી નરેન્દ્ર મોદી રાત્રીની સમયે પાટનગર રાજભવન ખાતે પહોંચી જશે. અહીં કોઈ ઓફિસીયલી મોટો કાર્યક્રમ નથી જેના પગલે લાગતા-વળતા તથા સ્થાનિક નેતાઓ સાથે બેઠકો નરેન્દ્ર મોદી કરશે ત્યાર બાદ સોમવારે મહાત્મા મંદિર ખાતે ગ્લોબલ એનર્જી એક્સપો છે જેનો પ્રારંભ કરાવીને ત્યાં હાજરી આપશે સાથે સાથે સોમવારે બપોરના દોઢ વાગે મેટ્રો ટ્રેનનો પ્રારંભ પણ વડાપ્રધાન કરાવવાના છે.

ગાંધીનગરના ચ-ર સર્કલથી બેસીને મેટ્રો ટ્રેનમાં બેસીને નરેન્દ્ર મોદી ગિફ્ટસિટી જશે અને ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવશે.

ત્યાર બાદ અમદાવાદ જીએમડીસી ખાતે પણ કાર્યક્રમમાં હાજરી આપવા વડાપ્રધાન જવાના હોવાથી અહીંના રૂટ ઉપર પણ પોલીસ બંધોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તો બીજીબાજુ રાત્રે તમામ કાર્યક્રમો પુર્ણ કરીને વડાપ્રધાન પ્રોટોકોલ પ્રમાણે ફરી રાજભવન આવીને રોકાશે. જન્મદિવસની પૂર્વ રાત્રી તેઓ રાજભવનમાં જ રોકાયેલા હશે અને અહીં સ્નેહી,મિત્રો સહિતના શુભેચ્છકોની શુભેચ્છાઓ સ્વિકારશે જ્યારે જન્મદિવસે તા.૧૭મીએ વડાપ્રધાન ગાંધીનગરથી વિદાય લેશે.